# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-04-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

# ATAL BHUJAL YOJNA

'અટલ ભૂજલ યોજના ' હેઠળ પસંદ કરાયેલા ૬ જિલ્લાઓના ૩૬ જળ સંચયના લોક ભાગીદારીના સંયુક્ત પ્રયાસોથી કેટલાક વિસ્તારમાં ભૂગર્ભ જળ સ્તરમાં ચાર મીટરથી વધુ ઊંચા લાવવામાં રાજ્ય સરકારને સફળતા મળી છે તેમ , જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે , અટલ ભુજલ વિસ્તારમાં પાણીની માંગ ઘટાડવા અને પૂરવઠો વધારવા માટે હાથ ધરાયેલા પ્રયાસોથી ભૂગર્ભ જળ લેવલમાં થતા ફેરફારનો અભ્યાસ કરવા પસંદ કરાયેલા છ જિલ્લાઓમાંના અટલ ભુજલ યોજના વિસ્તારના ૩ હજાર 60 સ્ટેશન પર નિયત સમયાંતરે મોનિટરિંગ હાથ ધરવામાં આવે છે , આમાંથી વિશ્લેષણને પાત્ર થતા ૪૪૧ સ્ટેશનના ભૂગર્ભ જળ મોનીટરીંગના આંકડાઓનું પૃથ્થકરણ કરવામાં આવ્યું.

૨૮ તાલુકાની ૧ ,૫૧૧ ગ્રામ પંચાયતોમાંથી ૧૩૦ ગ્રામ પંચાયતના ૧૯૫ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૩ના પ્રી-મોનસુન અને પોસ્ટ મોનસુનના સરેરાશ જળ સ્તર સામે વર્ષ ૨૦૨૪માં ચોમાસા પહેલાંના અને ચોમાસા પછીના જળ સ્તર ચાર મીટર સુધી ઊંચા આવ્યા છે.

શ્રી બાવળીયાએ જણાવ્યું કે , આ યોજનાનો સમયગાળો પાંચ વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫નો નક્કી કરાયો હતો. જેને વધુ એક વર્ષ ૨૦૨૫-૨૬ સુધી લંબાવાયો છે

જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશ પટેલે કહ્યું હતું કે , આ યોજનાનો મુખ્ય ધ્યેય જન સમુદાયના સહયોગથી ભૂગર્ભ જળ વ્યવસ્થાપનના સશક્તિકરણને ઉતેજન આપવાનો અને ભૂગર્ભ જળ ક્ષેત્રે સુધારાનું વાતાવરણ સર્જન કરવાનો છે.

. . . . . . . . . . . . .

# SMC SMDC

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે SMC (સ્કૂલ મેનેજમેન્ટ કમિટી) અને SMDC -સ્કુલ મેનેજમેન્ટ ડેવલોપમેન્ટ કમિટીના સભ્યોને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ સાધી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે શિક્ષકોને શાળા વિકાસમાં સહયોગી બની બાળકોના શિક્ષણમાં વિકાસ કરવા અનુરોધ કર્યો હતો.

(BYTE CM BHUPENDRA PATEL)

આ પ્રસંગે શિક્ષણમંત્રી કુબેરભાઈ ડિંડોર અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલપાનસેરિયાએ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી સાથે સંવાદ માટે સમગ્ર રાજ્યમાંથી મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડાની કન્યા શાળાની પસંદગી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી સાથે સંવાદ કરતાં એસએમસી સભ્ય તરલિકાબેન શુક્લા તેમજ શાળાના આચાર્ય મહેશ પટેલે શાળાની સુવિધાઓ અને વિકાસ અંગે જાણકારી આપી હતી.

. . . . . . . . . . . . .

# PAHALGAM ATTACK OPPOSE

જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલ આતંકી હુમલાનો રાજ્યમાં અનેક સ્થળોએ વિરોધ કરવામાં આવી રહ્યો છે.

બનાસકાંઠા જિલ્લાના અમારા પ્રતિનિધી સવજી ચૌધરી જણાવે છે કે , શક્તિપીઠ અંબાજીના વેપારીઓ આજે સંપૂર્ણ બંધ પાળી રહ્યા છે. વેપારી મહાજન દ્વારા પહલગામ હુમલાના મૃતકોનાં આત્માની શાંતિ માટે શ્રધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

અંબાજી, ગબ્બર અને કોટેશ્વરનાં તમામ બજારો આજે બંધ રહ્યા છે. અંબાજી આવતા યાત્રાળુઓ માટે મંદિર ટ્રસ્ટ દ્વારા સંચાલિત અંબિકા ભોજનાલય ખુલ્લું રાખવામાં આવ્યું છે.

મહિસાગર જિલ્લાનાં અમારા પ્રતિનિધી કૌશિક જોષી જણાવે છે કે , ભૂતપુર્વ સૈનિકોનાં સંગઠન કલેક્ટર કચેરીમાં રેલી યોજી મૃતકોને શ્રધાંજલિ આપી હતી.

સુરેન્દ્રનગર જિલ્લાના અમારા પ્રતિનિધી દિનેશ પરમાર જણાવે છે કે , પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના વિરોધમાં ચોટીલા શહેર સજ્જડ બંધ રહ્યું છે.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

......................................

# LOPARPAN BY MP POONAM MADAM

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં સાંસદ પૂનમબેન માડમનાં હસ્તે જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના જન સુવિધાઓના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

સુશ્રી માડમે જામનગર જિલ્લાના લાલપુર ખાતે ૩૭ લાખ રૂપિયાના ખર્ચે નિર્મિત પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું. તેમણે ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે બનનાર લાલપુર-મોટાખડબા રોડના રીસર્ફેસીંગ કામનું ખાતમુહૂર્ત પણ કર્યું. આ ઉપરાંત, સણોસરામાં પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહુર્ત અને સણોસરા ગામમાં સાંસદની ગ્રાંટમાંથી નવનિર્મિત કોમ્યુનિટી હોલનું ખાતમુહુર્ત પણ કરવામાં આવ્યું.

. . . . . . . . . . . . .

# UNJHA JIRU VARIALI

ઊંઝાના માર્કેટયાર્ડમાં જીરુંની સાથે વરિયાળી અને ઇસબગુલની આવકમાં વધારો નોંધાયો છે. જીરાની 15 હજારથી 20 હજાર બોરીની આવક નોંધાઇ છે. જીરાનો ભાવ રૂપિયા 4 હજારથી 4600 સુધીના રહ્યા હતા. વરિયાળીની આવક 15 હજાર બોરીની આવક નોંધાઇ હતી , જેનો ભાવ રૂપિયા 1500 થી 2500 તેમજ રાજસ્થાનની આવકનો ભાવ રૂપિયા 3 હજારથી 7 હજાર સુધીના રહ્યા .ઇસબગુલની 20 હજાર બોરીની આવક નોંધાઇ હતી.જેનો ભાવ રૂપિયા 2400 થી 2700 સુધીના હતા.

. . . . . . . . . . . . .

# Dang Mahakhumbh

રાજ્ય કક્ષાના ખેલમહાકુંભ 3.0માં અન્ડર 14 કબડ્ડીની સ્પર્ધામાં ડાંગ જિલ્લાની ટીમે કાંસ્યચંદ્રક મેળવ્યો છે. જિલ્લાનાં ગારખડી પ્રાથમિક શાળાના શિક્ષકોએ શાળાના વિદ્યાર્થીઓ પાસે કરાવેલી મહેનતને પરિણામે આ ચંદ્રક જીતી શકાયો છે.

. . . . . . . . . . . . . .

# IPL

ઈન્ડીયન પ્રીમિયર લીગ – IPL T-20 ક્રિકેટમાં આજે રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મેચ રમાશે. જયપુરના સ્વાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે સાંજે 7.30 વાગ્યે આ મેચ શરૂ થશે.

ગત રાત્રે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ દિલ્હી કેપિટલ્સ સામે 6 વિકેટથી વિજય મેળવ્યો હતો. દિલ્હી કેપિટલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 163 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો. બેગ્લુરૂની ટીમે નવ બોલ પહેલાં જ ચાર વિકેટ ગુમાવીને 165 રન બનાવ્યા અને મેચ જીતી લીધી.

. . . . . . . . . . . . .